# LNK College of Education (CTE), Patan
# AAYUSH Orientation (School Safety Awareness) Programme
# 20 December, 2024

## <u>Report</u>

**Date:** ૨૦-૧૨-૨૦૨૪







વિકસિત ભારત ૨૦૪૭ના સ્વપ્નને સાકાર કરવામાં મહત્વના એવા સ્ટાર્ટઅપ અને શાળા સલામતી અંતર્ગત ઓરીઅન્ટેશન સંદર્ભે ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ દ્વારા શાળા સલામતી અંતર્ગત વિવિધ ક્ષમતાવર્ધનલક્ષી તાલીમ કાર્યક્રમો અમલમાં છે. વિદ્યાર્થીઓ કોઈ પણ આપત્તિ સામે પ્રતિસાદ આપવા માટે સજ્જ બને અને ફર્સ્ટ રિસ્પોન્ડર તરીકેની ભૂમિકા અદા કરે તે હેતુથી શાળા સલામતી કાર્યક્રમ અમલમાં છે. સ્કિલ ઇન્ડિયા અંતર્ગત વિદ્યાર્થીઓની વિવિધ ક્ષેત્રે કૌશલ વિકાસ થાય તેવા પ્રયાસો પણ અમલમાં છે.આ અંગેની જાણકારી આપવા માટે ૪૫ મિનિટનુ વ્યાખ્યાન આજ રોજ ગોઠવવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય વક્તા તરીકે District project officer (D.P.O.) શ્રી કમલેશભાઈ પટેલ દ્વારા કોલેજમાં આવીને સદર વિષય અંતર્ગત પોતાનું પ્રેઝન્ટેશન રોચક શૈલીમાં રજૂ કર્યું હતું..

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સીટી સંલગ્ન એલ. એન. કે. કૉલેજ ઑફ ઍજ્યુકેશન (સી.ટી.ઈ.) પાટણ ખાતે અભ્યાસ કરતા પ્રશિક્ષણાર્થીઓ પણ વિવિધ ક્ષમતાવર્ધનલક્ષી અને આપત્તિ વ્યવસ્થાપન કરી શકે સાથોસાથ તેઓ આ સંદર્ભનું પોતાનું સ્ટાર્ટઅપ કરીને ઉત્તમ ટ્રેઈનર બની સ્વ રોજગારી મેળવી શકે તેવા ઉમદા હેતુથી નોર્થ ગુજરાત એજ્યુકેશન સોસયટી મેનેજમેન્ટના એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર ડૉ. જે. એચ. પંચોલી સર અને CDO પ્રો. જય ધ્રુવ સરના માર્ગદર્શન હેઠળ તેમજ આચાર્યશ્રી ડૉ. ગંગારામભાઈ પ્રજાપતિ અને આ પ્રોગ્રામના કો-ઓર્ડીનેટરશ્રી  ડૉ. ભાવેશકુમાર બી. બેંકર સાહેબશ્રીના આયોજન હેઠળ આજ રોજ કોલેજના ૫૩ પ્રશિક્ષણાર્થીઓને  આ અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા.

આ પ્રશિક્ષણ દ્વારા પ્રશિક્ષણાર્થીઓમાં આપત્તિ સામેનું આયોજન, આપત્તિ સામેની પૂર્વભૂમિકા તેમજ સલામતી અંગેની કુશળતા વિકસે તેમજ  આપદા, યોગ અને આયુર્વેદના સમન્વયના ઉપયોગના કૌશલ્યનો વિકાસ થઇ શકશે. સૌના સાથ અને સહકારથી આ સમગ્ર કાર્યક્રમ ખૂબજ ઉત્સાહભેર સંપન્ન થયો હતો.

કો-ઓર્ડીનેટરશ્રી

(ડૉ. ભાવેશકુમાર બી. બેંકર)

એલ.એન.કે. કોલેજ ઓફ એજ્યુકેશન(સી.ટી.ઈ.), પાટણ